પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૮૮ | ૩૦ ડિસેમ્બર, ૨૦૨૧, ગુરૂવાર; માગશર વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# વિશ્વમાં ઓમિક્રોનની મહાલહેર

## ઓમિક્રોનના ૧૧% કેસ વધતા WHOએ ચિંતા વ્યક્તિ કરી : નવા વેરિયન્ટ ઓમિક્રોનને લઈને ખતરો હજુ ઘણો વધારે છે

જીનેવા,તા.૨૯

દુનિયાભરમાં ઓમિક્રોનના કેસમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. પાછલા એક અઠવાડિયામાં સંક્રમણમાં ૧૧ ટકાનો વધારો થયો છે. આ બધા વચ્ચે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા ચેતવણી આપવામાં આવી છે કે ઓમિક્રોન વેરિયન્ટથી ઉભો થયેલો ખતરો હવે વધી રહ્યો છે. ઓમિક્રોના કારણે દુનિયાના ઘણાં દેશોમાં કોરોના કેસ ઝડપથી વધી રહ્યા છે. ઉઓ઼એ કહ્યું કે જે દેશોએ ડેલ્ટા વેરિયન્ટને પાછળ છોડી દીધો હતો ત્યાં પણ ઓમિક્રોનના કેસ વધી રહ્યા છે. ઉઓ઼એ પોતાના અઠવાડિયાના અપડેટ્સમાં કહ્યું છે કે, નવા વેરિયન્ટ ઓમિક્રોનને લઈને ખતરો હજુ ઘણો વધારે છે. સતત આવી રહેલા રિસર્ચ એ જણાવે છે કે ઓમિક્રોન વેરિયન્ટ ડેલ્ટા વેરિયન્ટ કરતા ઝડપથી ફેલાઈ રહ્યો છે અને માત્ર બે-ત્રણ દિવસમાં તે બમણો થઈ જાય છે. આ ઝડપનું કારણ એ છે દુનિયાના ઘણાં દેશોમાં કોરોનાના કેસમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. આ દેશોમાં બ્રિટન અને અમેરિકાનો સમાવેશ થાય છે જેણે અગાઉના વેરિયન્ટ ડેલ્ટાને પણ પાછળ છોડી દીધો છે. જોકે, દુનિયાની એજન્સીઓએ રાત આપતી ખબર જણાવી છે કે દક્ષિણ આફ્રિકામાં કોરોનાના કેસ ૨૯% ઘટ્યા છે. દક્ષિણ આફ્રિકામાં જ સૌથી પહેલા ૨૪ નવેમ્બરે ઓમિક્રોન વેરિયન્ટ જોવા મળ્યો હતો. જેમાં કહેવામાં આવ્યું છે કે બ્રિટન, દક્ષિણ આફ્રિકા અને ડેનમાર્કથી આવતા શરુઆતના આંકડા એ દર્શાવે છે કે ડેલ્ટાની સરખામણીમાં ઓમિક્રોન સંક્રમણ હોસ્પિટલ જવાનો ખતરો ઓછો છે. આ બધાની વચ્ચે ચીનમાં પાછલા ૨૪ કલાકમાં ૨૦૦ નવા કોરોના કેસ નોંધાયા છે, જે લગભગ ૨૦ મહિનામાં સૌથી મોટી દૈનિક વૃદ્ધિ છે. આ માહિતી ગ્લોબલ ટાઈમ્સે આપી છે. ૧૫૦ કેસ શાંક્સી પ્રાંતની રાજધાની શીઆનમાં નોંધાયા છે. ૯ ડિસેમ્બરથી સોમવાર સુધી શીનમાં પુષ્ટી કરાયેલા કેસની કુલ સંખ્યા ૬૩૫ હતી. શીઆને સોમવારે ૧૨ મિલિયન લોકો ઘરે ન્યુક્લિક એસિડ ટેસ્ટની એક નવી પદ્ધતિ અપનાવી છે, અને પોતાના તમામ નાગરિકોને પરિણામની સ્પષ્ટતા જાણવા માટે ઘરે રહેવા માટે જણાવાયું છે, આ માટે લોકડાઉન કડક કરી દેવાયું છે. રિપોર્ટમાં કહેવાયું છે કે ૨૩ ડિસેમ્બરથી શહેર બંધ છે, પરંતુ દરેક પરિવાર દૈનિક જરુરિયાત માટેની ખરીદી કરવા માટે બે દિવસમાં એકવાર એક વ્યક્તિ બહાર જઈ શકે છે. કોવિડનો પ્રકોપ ચીનના ઘણાં શહેરોમાં ફેલાયેલો છે, જેમાં ડોંગગુઆન, ગ્વાંગડોંગ સહિત અન્ય શહેરોનો સમાવેશ થાય છે, અહીં વિન્ટર ઓલિમ્પિક ૪ ફેબ્રુઆરીથી શરુ થવાનો છે.

● અનુસંધાન પાન-૭ પર

**કોરોનાનો વિશ્વભરમાં હાહાકાર : છેલ્લા ૨૪ કલાકમાં વિશ્વમાં અલગ-અલગ દેશોમાં કોરોનાનો વિસ્ફોટ જોવા મળ્યો છે : યુએસએ - ૪,૧૨,૪૭૧, ફ્રાન્સ - ૧,૭૬,૦૦૦, યુકે - ૧,૨૮,૦૦૦, ઈટલી - ૭૬,૦૦૦, સ્પેન - ૧,૧૨,૦૦૦, કોરોનાના કેસ**

## કોરોના વકર્યો : દેશમાં ૯૧૯૫ નવા કેસ નોંધાયા

નવી દિલ્હી,તા.૨૯

ભારતમાં ઓમિક્રોનના ફફડાટ વચ્ચે કોરોનાના કેસ ઘટી રહ્યા છે. દેશમાં સળંગ ૩૨માં દિવસે કોરનાના નવા કેસ ૧૦ હજારથી નીચે રહ્યા છે. દેશમાં હજુ પણ કેરળમાં સૌથી વધુ કેસ નોંધાઈ રહ્યા છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યા મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૯૧૯૫ નવા કેસ નોંધાયા છે અને ૩૦૨ સંક્રમિતોએ જીવ ગુમાવ્યો છે. ૭૩૪૭ લોકો કોરોના સામે જંગ જીત્યા છે. દેશમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ૭૭,૦૦૨ પર પહોંચી છે. રિકવરી રેટ ૯૮ ટકાથી વધારે છે. ઓમિક્રોનના કુલ કેસ ૭૮૧ થયા છે. ૨૮ ડિસેમ્બરે ૬૩૫૮ કેસ નોંધાયા હતા. ૨૭ ડિસેમ્બરે ૬૫૩૧ કેસ અને ૧૬૨ સંક્રમિતોના મોત થયા હતા. ૨૬ ડિસેમ્બરના રોજ ૬૯૮૭ કેસ અને ૧૬૨ લોકોએ જીવ ગુમાવ્યો હતો.

દેશમાં અત્યાર સુધીમાં ૧૪૩, ૧૫, ૩૫,૬૪૧ લોકોનું રસીકરણ થયું છે. જેમાંથી ૬૪,૬૧,૩૨૧ ડોઝ ગઈકાલે આપવામાં આવ્યા હતા. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના જણાવ્યા મુજબ દેશમાં ૨૪ કલાકમાં ૧૧,૬૭,૬૧૨ ટેસ્ટ કરવામાં આવ્યા છે.

## એપ્રિલ ૨૦૨૨ સુધીમાં કોરોના વાયરસ સાવ સામાન્ય થઈ જશે

**સામાન્ય શરદી-ઉધરસની જેમ રહી જશે કોવિડ-૧૯ : કોવિડ દૂર જવાનો નથી, આ ફક્ત એક વાયરસ છે**

નવી દિલ્હી,તા.૨૯

એક બાજુ જ્યાં કોરોનાના વધતા કેસને લઈને સમગ્ર દુનિયામાં લોકોની ચિંતા વધી રહી છે ત્યાં હેલ્થ એક્સપર્ટે ભવિષ્યવાણી કરી છે કે આગામી વર્ષેના એપ્રિલ મહિના સુધીમાં લાઈફ પહેલા જેવી નોર્મલ થઈ શકે છે. તેમણે કહ્યું કે એપ્રિલ સુધીમાં કોવિડ-૧૯ નબળો થઈને 'સામાન્ય શરદીનું એક વધુ કારણ' બનીને રહી જશે. ઈસ્ટ ઈંગ્લિયા યુનિવર્સિટીમાં મેડિસિનના પ્રોફેસર પોલ હંટરએ બીબીસી બ્રેકફાસ્ટ પર ચોંકાવનારી પરંતુ સારી જાહેરાત કરી. તેમણે કહ્યું કે કોરોનાનો પ્રભાવ ભવિષ્યમાં ખતમ થઈ જવાનો છે. તે બિલકુલ નોર્મલ વાયરસ અને બીમારી જેવો રહી જશે. ત્યારબાદ એવું માનવામાં આવી રહ્યું છે કે નવા વર્ષ પહેલા ઈંગ્લેન્ડ માટે કોઈ નવો પ્રતિબંધ લાગૂ નહીં થાય અને કદાચ ત્યારબાદ પણ ન થાય. ડેઈલી સ્ટારમાં છપાયેલા એક રિપોર્ટ મુજબ શ્રમિકોને અલગ થલગ કરવાના કારણ એનએચએસ કર્મચારીઓની કમી અંગે બોલતા હંટરે કહ્યું કે કોવિડ દૂર જવાનો નથી, આ ફક્ત એક વાયરસ છે જે એપ્રિલ ૨૦૨૨ બાદ ચિંતાનું કારણ નહીં રહે. તેમણે દાવો કર્યો કે 'કોવિડ-૧૯ એપ્રિલ બાદ નોર્મલ વાયરસ થઈ જશે જે સામાન્ય શરદી ઉધરસનું એક કારણ બની જશે.



## કોરોનાના પગલે પ્રધાનમંત્રી મોદીની યુએઈ અને કુવૈત યાત્રા સ્થગિત કરાઈ

**બે દેશોનો પ્રવાસ છ જાન્યુઆરીએ યોજાવાનો હતો**

નવી દિલ્હી, તા.૨૯

કોરોના વાયરસના ઓમિક્રોન વેરિએન્ટને લઈને વધતી ચિંતાની વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સંયુક્ત અરબ અમીરાત (યુએઈ) અને કુવૈત (કુવૈત)ની યાત્રા સ્થગિત કરી દેવામાં આવી છે. પીએમ મોદીનો ખાડીના આ બે દેશોનો પ્રવાસ આગામી ૬ જાન્યુઆરીએ યોજાવાનો હતો. સાઉથ બ્લોકના સૂત્રોના જણાવ્યા અનુસાર, ઓમિક્રોનના વધતા કેસોની સંખ્યાના કારણે આ પ્રવાસને રિશેડ્યૂલ કરવો પડશે અને શક્ય છે કે, ફેબ્રુઆરીમાં ખાડી દેશોની આ યાત્રાનું આયોજન કરવામાં આવે.

કોરોના વાયરસનો ઓમિક્રોન વેરિએન્ટ દુનિયાભરમાં ઝડપથી ફેલાઈ રહ્યો છે. અમેરિકા અને યુરોપ તેનાથી ખૂબ જ ખરાબ રીતે પ્રભાવિત થયા છે. અમેરિકામાં હવે ઓમિક્રોન વેરિએન્ટે ડેલ્ટા વેરિએન્ટની જગ્યા લઈ લીધી છે અને દેશમાં ૫૮% કેસોની પાછળ આ જ વેરિએન્ટનો હાથ છે.

બીજી તરફ બ્રિટનમાં ઓમિક્રોન વેરિએન્ટના ઝડપથી ફેલાવાને કારણે કોવિડ-૧૯ના કેસો દરરોજ રેકોર્ડ તોડી રહ્યા છે.

## સ્પેસ એજન્સી નાસા હવે પૂજારીની ભરતી કરી રહ્યું છે

**અવકાશમાં ખાસ મિશન માટે પડશે જરૂર : નાસાએ જાણવાનો પ્રયાસ કરી રહ્યું છે કે વિશ્વના વિવિધ ધર્મોમાં એલિયન્સ વિશે પૃથ્વીના પ્રાણીઓની વિચારધારા શું છે**

નવી દિલ્હી,તા.૨૯

પૃથ્વી પરના લોકો હંમેશાં બીજી દુનિયા અને ત્યાં રહેતા એલિયન્સ સાથે સંકળાયેલા રહસ્યો વિશે જાણવા ઉત્સુક હોય છે. આ રહસ્ય જાણવા માટે અમેરિકન સ્પેસ એજન્સી નાસાએ હવે વિજ્ઞાન તેમજ પૂજારીઓની મદદ લેવાનો નિર્ણય લીધો છે. નાસા હવે એલિયન્સનો સંપર્ક કરવા માટે પૂજાકીઓની ભરતી કરી રહ્યું છે. નાસા એલિયન્સનો સંપર્ક કરવા માટે ખૂબ ગંભીર છે અને તેના માટે કોઈપણ હદ સુધી જવા માટે તૈયાર છે. આ કિસ્સામાં નાસા વૈજ્ઞાનિક મિશનની સાથે ધર્મશાસ્ત્રીઓની મદદ લેશે. નાસા એ જાણવાનો પ્રયાસ કરી રહ્યું છે કે વિશ્વના વિવિધ ધર્મોમાં એલિયન્સ વિશે પૃથ્વીના પ્રાણીઓની વિચારધારા શું છે. કહેવામાં આવે છે કે આ ટીમમાં વિવિધ ધર્મોના પૂજારીઓ શામેલ છે. એ સાંભળીને થોડું વિચિત્ર લાગી શકે છે કે નાસા તેના એલિયન હન્ટિંગ મિશનનો ભાગ ૨૪ ધર્મશાસ્ત્રીઓને બનાવી રહ્યું છે. કોલિન્સ ડિક્શનરી અનુસાર, ધર્મશાસ્ત્રીઓ એવા લોકો છે જે ભગવાન, ધર્મ અને ધાર્મિક માન્યતાઓનો અભ્યાસ કરે છે. જાણીતા બ્રિટિશ પાદરી ડો. એન્ડ્રૂ ડેવિસન પણ ટીમનો ભાગ રહ્યા છે. તેમણે બાયોકેમિસ્ટ્રીમાં ડોક્ટરેટનો અભ્યાસ પણ કર્યો છે. ડેઈલી સ્ટારે અહેવાલ આપ્યો હતો કે, યુરોપિયન સ્પેસ એજન્સી રોસિલેન્ડ ફ્રેકલિન રોવર આવતા વર્ષથી મંગળની સપાટી પર ડ્રિલિંગ શરૂ કરશે અને ત્યાં અશ્મિઓ



● અનુસંધાન પાન-૭ પર

## ઝારખંડમાં ૨૬ જાન્યુઆરીથી પેટ્રોલ-ડિઝલ ૨૫ રૂપિયા સસ્તું

**બીપીએલ કાર્ડધારકો માટે સરકાર દ્વારા રાહત આપતી જાહેરાત, વેટ ઘટાડવાની માગની વચ્ચે સોરેનનો નિર્ણય**



નવી દિલ્હી, તા.૨૯

ઝારખંડમાં નવા વર્ષથી પેટ્રોલ અને ડીઝલ ૨૫ રૂપિયા સસ્તું મળશે. રાજ્યના મુખ્યમંત્રી હેમંત સોરેને આ જાહેરાત કરી છે. જોકે, આ સસ્તા પેટ્રોલ અને ડીઝલનો લાભ ફક્ત બીપીએલ કાર્ડધારકોને જ મળશે. ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેને જણાવ્યું કે, ૨૬મી જાન્યુઆરીથી ઝારખંડમાં બીપીએલ કાર્ડધારકોને પેટ્રોલ અને ડીઝલ ૨૫ રૂપિયા સસ્તું મળશે. ઉલ્લેખનીય છે કે, ઝારખંડમાં પેટ્રોલ ડીઝલ અસોસિએશન પણ સતત પેટ્રોલ-ડીઝલ પરના વેટ દરો ઘટાડવાની માગણી કરી રહ્યું હતું. અસોસિએશન સરકાર પાસે પેટ્રોલ પર ૫% વેટ ઘટાડવાની માગણી કરી રહ્યું હતું. તેમના કહેવા પ્રમાણે જો સરકાર વેટનો દર ૨૨ ટકાથી ઘટાડીને ૧૭ ટકા કરી દે તો લોકોને મોટી રાહત મળશે.

ઝારખંડમાં ૧,૩૫૦ પેટ્રોલ પંપ છે જે સીધી રીતે ૨.૫૦ લાખ કરતાં વધારે પરિવારોની આજીવિકા સાથે સંકળાયેલા છે અને વેટના ઉચા દરોના કારણે વ્યવસાય પ્રભાવિત થઈ રહ્યો છે.

## નવા વર્ષથી એટીએમમાંથી પૈસા ઊપાડવા મોંઘા બનશે

**નવા વર્ષથી લોકોની સીધી અસર કરતા નિયમો બદલાશે : બેંક લોકર વધુ સુરક્ષિત બનશે, રિઝર્વ બેંકે સ્પષ્ટ કર્યું છે કે બેંકો લોકરની સુરક્ષામાં કોઈ બાંધછોડ કરી શકે નહીં**

નવી દિલ્લી, તા.૨૯

સામાન્ય રીતે વર્ષ બદલાય તેની સાથે જ સરકાર કેટલાંક નિયમોમાં ફેરફાર કરતી હોય છે. જોકે, આ વર્ષે કોરોનાનો કહેર અને એમાંય ઓમિક્રોનના આતંક વચ્ચે સરકાર કેટલાંક નિયમોમાં મોટો બદલાવ કરવા જઈ રહી છે. તેથી બીજું બધું કામ છોડીને પહેલાં આ માહિતી વાંચી લેજો નહીં તો પુરું થઈ જશે 'બોર્ડ'. એટલેકે, તમે ભારે મુશ્કેલીઓમાં મુકાઈ જશો. જાન્યુઆરી ૨૦૨૨થી ત્રણ મોટા ફેરફાર લાગુ પડશે, આ નાણાંકીય વ્યવહારો તમારા ખિસ્સા ઉપર સીધી અસર કરશે.

ત્રણ સુધારાઓ અથવા ફેરફારો તમારા નાણાં સાથે સંબંધિત છે. આ ફેરફારો વર્ષ ૨૦૨૨ માં અમલમાં આવી રહ્યા છે. આમાં બેંક લોકરથી લઈને મ્યુચ્યુઅલ ફંડ અને એટીએમ ટ્રાન્ઝેક્શનનો સમાવેશ થાય છે. જાન્યુઆરી ૨૦૨૨ થી બેંકિંગ સંબંધિત ઘણા નિયમો બદલાવા જઈ રહ્યા છે. તમારે આ નિયમો અગાઉથી જાણવું જોઈએ. આ બાબતે રિઝર્વ બેંક અને બેંકો દ્વારા સતત મેસેજ આપવામાં આવી રહ્યા છે. જો તમે વિચારી રહ્યા છો કે માત્રએટીએમ ટ્રાન્ઝેક્શનમાં જ બદલાવ આવશે તો આપણું અનુમાન ખોટું છે. અહીં અમે તમને ત્રણ મોટા ફેરફારો વિશે જણાવવા જઈ રહ્યા છીએ જેનો સીધો સંબંધ તમારા પૈસા સાથે છે. અહીં જણાવેલ ત્રણ સુધારાઓ અથવા ફેરફારો તમારા નાણાં સાથે સંબંધિત છે. આ ફેરફારો વર્ષ ૨૦૨૨ માં અમલમાં આવી રહ્યા છે. આમાં બેંક લોકરથી લઈને મ્યુચ્યુઅલ ફંડ અને એટીએમ ટ્રાન્ઝેક્શનનો સમાવેશ થાય છે.



## વિશ્વના સૌથી ભ્રષ્ટ લોકોમાં અફઘાન ગનીનો સમાવેશ

વોશિંગ્ટન, તા.૨૯

અફઘાનિસ્તાનના પૂર્વ રાષ્ટ્રપતિ અશરફ ગનીને ૨૦૨૧ના સૌથી ભ્રષ્ટ લોકોની યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે. ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એન્ડ કરપ્શન રિપોર્ટિંગ પ્રોજેક્ટ (ઓસીસીઆરપી) દ્વારા આ રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, અશરફ ગની આ ઉપાધિના હકદાર છે કારણ કે, તેમણે પોતાના લોકોને દુખ સહન કરવા અને મરવા માટે છોડી દીધા. ઓસીસીઆરપીના સહ સંસ્થાપક ડ્રૂ સુલિવને જણાવ્યું કે, અશરફ ગનીને આ ઉપાધિ તેમના ભ્રષ્ટાચાર અને અયોગ્યતા માટે આપવામાં આવી છે. ઓસીસીઆરપી સમગ્ર વિશ્વના સ્વતંત્ર મીડિયા આઉટલેટ્સ માટે એક બિનનફાકારી સંશોધનાત્મક સમાચાર રિપોર્ટિંગ પ્લેટફોર્મ છે.

# દેશમાં કોરોના સંક્રમણ ચિંતાજનક બનશે

**યુનિવર્સિટી ઓફ કેમ્બ્રિજમાં જજ બિઝનેસ સ્કૂલના પ્રોફેસર પોલની ચેતવણી : યુનિવર્સિટી તરફથી એક કોવિડ ૧૯ ઈન્ડિયા ટ્રેકર તૈયાર કરવામાં આવ્યું છે, આ સમયગાળો ઘણો ઓછો હશે : રિસર્ચના આધારે શક્યતા વ્યક્ત કરી**

વોશિંગ્ટન, તા.૨૯

દુનિયાભરમાં અત્યારે કોરોનાના ઓમિક્રોન વેરિયન્ટને કારણે ફફડાટ મચી ગયો છે. તમામ દેશોની સરકારો તેના સંક્રમણને રોકવાનો પ્રયત્ન કરી રહી છે. વૈજ્ઞાનિકો, નિષ્ણાંતો આ વેરિયન્ટ પર રિસર્ચ કરી રહ્યા છે અને રિસર્ચને આધારે શક્યતાઓ વ્યક્ત કરી રહ્યા છે. ભારતમાં પણ ઓમિક્રોનના કેસ વધી રહ્યા છે ત્યારે એવી શંકા વ્યક્ત કરવામાં આવી છે કે આગામી દિવસોમાં કોરોના કેસ ફરી એકવાર મોટી સંખ્યામાં વધી શકે છે.

યુનિવર્સિટી ઓફ કેમ્બ્રિજ ખાતે જજ બિઝનેસ સ્કૂલના પ્રોફેસર પૉલ આ બાબતે જણાવે છે કે, ભારતમાં થોડા દિવસ સુધી દરરોજ મોટી સંખ્યામાં કેસ નોંધાશે, પરંતુ આ સમયગાળો ઘણો ઓછો હશે. ઉલ્લેખનીય છે કે યુનિવર્સિટી તરફથી એક કોવિડ ૧૯ ઈન્ડિયા ટ્રેકર તૈયાર કરવામાં આવ્યું છે. પ્રોફેસર જણાવે છે કે, થોડા દિવસમાં સંક્રમણ વધવાની શરુઆત થશે. હવે દરરોજના કેસ કેટલા પ્રમાણમાં વધશે તે કહેવું હમણાં મુશ્કેલ છે.

પ્રોફેસર પૉલ અને તેમની સંશોધકોની ટીમ, ઈન્ડિયા કોવિડ ટ્રેકરના ડેવલોપર્સના મત અનુસાર દેશભરમાં અત્યારે સંક્રમણ વધી રહ્યું છે. ૨૪મી ડિસેમ્બરના રોજ આ ટ્રેકર તરફથી છ રાજ્યો માટે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી કારણકે અહીં નવા કેસ વધવાનો રેટ ૫ ટકાથી વધારે હતો. ૨૬મી ડિસેમ્બરના રોજ આ યાદીમાં ૧૧ રાજ્યોનો સમાવેશ થયો.

ઉલ્લેખનીય છે કે ભારતમાં બુધવારના રોજ ૯૧૯૫ કોરોનાના કેસ નોંધાયા હતા, જે પાછલા ત્રણ અઠવાડિયામાં સૌથી વધારે છે. અત્યાર સુધી ભારતમાં ૪,૮૦,૫૯૨ લોકોએ કોરોનાને કારણે જીવ ગુમાવ્યા છે. ઓમિક્રોન વેરિયન્ટની વાત કરીએ તો અત્યાર સુધી દેશભરમાં ઓમિક્રોનના ૭૮૧ કેસ નોંધાયા છે. પરંતુ કેન્દ્ર અને રાજ્યોની સરકાર આ વેરિયન્ટના સંક્રમણને રોકવા માટે પ્રયત્ન કરી રહી છે. વિવિધ રાજ્યોમાં નિયમોને સખત કરી દેવામાં આવ્યા છે.

તાજેતરમાં જ કેન્દ્ર સરકાર દ્વારા જાહેરાત કરવામાં આવી હતી કે હવે થી ૧૫થી ૧૮ વર્ષની ઉંમરના લોકોને પણ રસી આપવામાં આવશે. આ સિવાય બૂસ્ટર ડોઝને પણ મંજૂરી આપવામાં આવી છે. ભારતની રાજધાની દિલ્હીમાં સાવધાનીના ભાગરુપે સિનેમાઘરો, શાળાઓ અને જીમને બંધ કરી દેવામાં આવ્યા છે. જાહેર મેળાવડાઓ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે એપ્રિલ અને મે મહિના દરમિયાન આવેલી કોરોનાની બીજી લહેરમાં લોકોએ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. દરરોજ લાખોની સંખ્યામાં કેસ નોંધાતા હતા. હોસ્પિટલોમાં સારવાર માટે જગ્યા નહોતી મળતી, અનેક લોકોએ ઓક્સિજનની કમીને કારણે જીવ ગુમાવ્યા. સ્મશાનગૃહોમાં પણ કલાકો સુધી રાહ જોવી પડતી હતી. આ સ્થિતિ પરથી સરકારોએ સબક લીધો હશે, અને ઓમિક્રોન વેરિયન્ટ ઘાતક બને તે પહેલા જ તેના માટે તૈયારી કરવામાં આવી રહી છે.



## કેનેડાની ટિકિટ ત્રણ ગણી વધારે મોંઘી થઈ ગઈ

અમદાવાદ,તા.૨૯

અત્યારે મોટી સંખ્યામાં લોકો કેનેડા સ્ટુડન્ટ વિઝા પર જઈ રહ્યા છે. જો તમે પણ કેનેડાની કોઈ યુનિવર્સિટીમાં એડમિશન લીધું હોય અને જાન્યુઆરી મહિનામાં જવાનો પ્લાન હોય તો તમારે વધારે ખિસ્સા ખંખેરવા માટે તૈયાર રહેવું પડશે. કેનેડાનું વન-વે ભાડું ત્રણ ગણું વધીને દોઢ લાખથી વધારે થઈ ગયું છે. અત્યારે એડમિશન ઈનટેકનો સમય હોવાને કારણે જાન્યુઆરીના બીજા અઠવાડિયા સુધી કેનેડાની ટિકિટ ઉપલબ્ધ જ નથી. આ કારણે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અટવાઈ ગયા છે. પાછલા થોડા સમયથી ભારતીય વિદ્યાર્થીઓમાં કેનેડા અભ્યાસ કરવા જવાનો ક્રેઝ વધી ગયો છે. જાન્યુઆરી મહિનામાં એડમિશન ઈનટેક હોવાને કારણે ત્યાં જનારા વિદ્યાર્થીઓની સંખ્યા વધી ગઈ છે.